# એજ્યુકેશન લોન પર વ્યાજ સબસીડી

**ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ**

**ઠરાવ ક્ર-પરચ-૧૦૧૭-૨૨૭૧૪૯-ખ, સચિવાલય, ગાંધીનગર.**

**તારીખ: ૦૪.૦૭.૨૦૧૭**

## ૧. પ્રસ્તાવના

શિક્ષણના મહત્વ વિશે અગણિત શબ્દો લખાયેલા છે. શિક્ષણ એકમાત્ર મૂલ્યવાન સંપત્તિ છે, જે મનુષ્ય હાંસલ કરી શકે છે. શિક્ષણ એ સમકાલીન જગતમાં સફળ થવા માટેનું એક ખૂબ જ મહત્વપૂર્ણ સાધન છે. તે અગત્યનું છે કારણ કે તેનો ઉપયોગ જીવનમાં પડતા મોટાભાગના પડકારોને ઘટાડવા માટે થાય છે. શિક્ષણ દ્વારા પ્રાપ્ત થતા જ્ઞાનથી કારકિર્દીના વિકાસમાં વધુ સારા સંજોગો માટે દરવાજા ખુલ્લા થાય છે. સારું શિક્ષણ મેળવનારને સુરક્ષિત ભવિષ્ય મળે છે, શિક્ષણ દ્વારા આપણે ઘણીબધી સ્પર્ધાત્મક નોકરીઓ શોધી શકીએ છીએ.

છેલ્લા દોઢ દશકમાં ગુજરાતે ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાળ ભરી છે. રાજ્ય અને રાજ્ય બહારના મુડીરોકાણથી અનેક નવા ઉદ્યોગો સ્થપાઈ રહ્યા છે. તેના અનુસંધાનમાં રાજ્યમાં છેલ્લા ૧૫ વર્ષમાં વ્યવસાયિક અભ્યાસક્રમો કરેલ વિદ્યાર્થીઓની માંગમાં વધારો થયેલ છે. ધોરણ ૧૦ અને ૧૨ બાદ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રના વિવિધ અભ્યાસક્રમોમાં વધુમાં વધુ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી રાજ્યના વિકાસમાં તેઓનો ફાળો નોંધાવે તે રાજ્ય ના વિકાસ માટે પણ જરૂરી છે. તે પરિપેક્ષ્યમાં જે વિદ્યાર્થીઓના વાલીની મર્યાદિત આવક હોય અને આવી મર્યાદિત આવકને કારણે વાલીઓ તેમના તેજસ્વી સંતાનોને ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રના ખાસ કરીને વ્યવસાયિક અભ્યાસક્રમોમાં મોકલવા બાબતે મૂંઝવણ અનુભવતા હોય છે. ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ટ્યુશન ફી, સાધન-પુસ્તકોની ખરીદી ઉપરાંત જયારે પોતાના ઘરથી બહાર દૂરના સ્થળે અભ્યાસ અર્થે જતા હોય છે ત્યારે રહેવા-જમવા માટે પણ ઘણો ખર્ચ થતો હોય છે. આથી અભ્યાસમાં તેજસ્વી આવા વિદ્યાર્થીઓને તેઓના વાલીની મર્યાદિત આવકને કારણે ફી ચૂકવવા તેમજ નિભાવ ખર્ચમાં આર્થિક સહાય વગર ઉચ્ચ અભ્યાસને આગળ ધપાવવામાં ખુબ જ મુશ્કેલી પડતી હોય છે જેથી કરીને વિદ્યાર્થીઓને ભણવા માટે બેંક માંથી લોન રૂપે સહારો લેવો પડે છે.

રાજ્યના ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગતા તેજસ્વી અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓની કારકિર્દીના ઘડતર માટે આર્થિક સહાય મળી રહે તે માટે રાજ્ય સરકારને વિવિધ રજુઆતો મળેલ હતી. રાજ્ય સરકારને મળેલી રજુઆતોને ધ્યાને લઈ તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવામાં સમાન તકો મળી રહે તે માટે ગુણવત્તા અને આવક ના માપદંડોને ધ્યાને

લઈ યોગ્યતા પ્રાપ્ત વિદ્યાર્થીઓને સમાન ધોરણે આર્થિક સહાય આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

શૈક્ષણિક ડિગ્રીની અછત ધરાવતા લોકો સર્વિસ, મેન્યુફેકચરિંગ અને બાંધકામ ઉદ્યોગોમાં મૂળભૂત નોકરીઓ સુધી મર્યાદિત કામ કરતા હોય છે. જ્યારે હાઇસ્કૂલ શિક્ષણ સાથેના કર્મચારીઓ સારા લાભો સાથે નોકરીઓ મેળવી શકે છે. ધોરણ ૧૨ પછી કેટલાક વ્યવસાયિક શિક્ષણ અભ્યાસક્રમો ખૂબ જ ખર્ચાળ છે, ઘણી નોકરીઓમાં ઓછામાં ઓછી ડિપ્લોમાની જરૂર હોય છે, પરંતુ મોટાભાગની સારી કારકિર્દી માટે અમુક પ્રકારનાં ઉચ્ચ શિક્ષણની આવશ્યકતા હોય છે જેમાં કોઈ ચોક્કસ ક્ષેત્રમાં અમુક પ્રકારનું જ્ઞાન અને અનુભવ હોવો જરૂરી છે. જેથી નાણાકીય રીતે નબળો વ્યક્તિ આગળ અભ્યાસ કરી શકતો નથી.

ગુજરાત સરકારે આર્થિક રીતે નબળા વર્ગોના વિદ્યાર્થીઓને સહાય મળી રહે તે માટે મોરેટોરિયમ પિરીયડ (અભ્યાસક્રમના સમયગાળા અને એક વર્ષ વધુ)સુધી એજ્યુકેશન લોન પર ૧૦૦% વ્યાજ સહાયરૂપે મળે તેવી યોજનાની જાહેરાત કરી છે.

રાજ્યના ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતાં તથા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગતા તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓની કારકિર્દીના ઘડતર માટે આર્થિક સહાય તેમજ અન્ય સવલતો સમાન ધોરણે મળી રહે તે હેતુથી શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬થી ‘મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના’ અમલમાં મુકવામાં આવી છે. ગુજરાત સરકાર દ્વારા ‘મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના’ ઉપરાંત, જે વિદ્યાર્થીઓ તે યોજનાથી વંચિત રહેલ હોય તેવા ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓએ દેશની અને વિદેશની યુનિવર્સીટીઓમાં અભ્યાસ કરી શકે તે અર્થે લોન લીધેલ હોય તો તેમણે લીધેલ લોન પૈકી વધુમાં વધુ રૂ. ૧૦.૦૦ લાખની લોન પર મોરેટોરિયમ પિરીયડ (અભ્યાસક્રમના સમયગાળા અને એક વર્ષ વધુ)સુધી ૧૦૦% વ્યાજ સબસીડી મળી રહે તેવી યોજના અમલમાં મૂકવામાં આવી છે.

જે વિદ્યાર્થીઓની વાલીની વાર્ષિક આવક રૂ.૬.૦૦ લાખ કે તેથી ઓછી હોય તેવા તથા ધોરણ ૧૨માં ૬૦% કે તેથી વધુ પર્સેન્ટાઈલ મેળવેલ હોય તેવા વિદ્યાર્થીઓને મોરેટોરિયમ પિરીયડ (અભ્યાસક્રમના સમયગાળા અને એક વર્ષ વધુ)માટે વ્યાજ સબસિડીમાં સહાય કરવા માટે ૨૦૧૭-૧૮ના બજેટમાં નવી બાબત તરીકે રૂ.૫૦૦.૦૦ (રૂપિયા પાંચસો)લાખની જોગવાઈ કરવાની વહીવટી પરવાનગી પણ આપવામાં આવેલ છે.

# ૨. યોજના અંગેની વિસ્તૃત વિગતો



ગુજરાત સરકારની આ યોજના આર્થિક રીતે નબળા તેમજ તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને મોરેટોરિયમ પિરીયડ (અભ્યાસક્રમના સમયગાળા અને એક વર્ષ વધુ)સુધી એજ્યુકેશન લોન પર વ્યાજ સબસીડી આપવા માટેની છે.


સરકારી ઠરાવ મુજબ,

૧) અરજદારે ગુજરાત અથવા કેન્દ્ર સરકારના હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડની ધોરણ ૧૨ની પરીક્ષામાં ૬૦% કે તેથી વધુ પર્સેન્ટાઈલ મેળવેલ હોવા જોઈએ.

૨) અરજદારની વાલી/કુટુંબની વાર્ષિક આવક રૂ. ૬.૦૦ લાખ કરતા ઓછી હોવી જોઈએ.

૩) અરજદારે ભારતમાં કે વિદેશમાં અભ્યાસ અર્થે એજ્યુકેશન લોન શિડ્યુલ્ડ બેંક પાસેથી જ લીધેલ હોવી જોઈએ

## ૨.૧ <u>યોજનાનો ઉદ્દેશ</u>




- રાજ્યના ઘણા વિદ્યાર્થીઓના વાલીની આવક ઓછી હોવાને કારણે વિદ્યાર્થી પોતાના મનપસંદ અભ્યસક્રમમાં પ્રવેશ મેળવવામાં ખચકાટ અનુભવે છે અને પોતાની કારકિર્દીને યોગ્ય દિશા આપવાથી વંચિત રહી જાય છે. જેથી આવા વિદ્યાર્થીઓને આર્થિક રીતે સહાયની જરૂર પડે છે.
- જેથી રાજ્ય સરકારે કોઈપણ વિદ્યાર્થી આર્થિક રીતે નબળો હોવાના કારણે ઉચ્ચ અભ્યાસથી વંચિત રહેવો જોઈએ નહિ તેવા આશયથી જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સહાય કરવા માટે વિવિધ પ્રકારની શિષ્યવૃત્તિ/યોજનાઓ અમલમાં મુકી છે. જે પૈકી એક યોજના "મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના" જે હાલમાં ચાલુ જ છે અને આ ઉપરાંત ચાલુ વર્ષે રાજ્ય સરકારે એજ્યુકેશન લોનની યોજના બનાવી વિદ્યાર્થીઓને તેમણે મેળવેલ લોન પર મોરેટોરિયમ પિરીયડ(અભ્યાસક્રમના

સમયગાળા અને એક વર્ષ વધુ)સુધી વ્યાજ સબસીડીરૂપે આપીને આર્થિક સહાય કરવાની યોજનાને મંજૂરી આપી છે.

૨.૨ **લાગુ પડતું શૈક્ષણિક વર્ષ**




- આ યોજના શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮થી લાગુ પડશે. પરંતુ તારીખ ૦૪/૦૭/૨૦૧૭ પછી લીધેલ લોન જ વ્યાજ માફી માટે માન્ય ગણવામાં આવશે અને તારીખ ૦૪/૦૭/૨૦૧૭ પેહલા લીધેલી લોન વ્યાજ માફી માટે માન્ય ગણવામાં આવશે નહીં.

૨.૩ **વ્યાજ સબસિડી માટેની પાત્રતા**




- અરજદારે ધોરણ ૧૨માં ૬૦% કે તેથી વધુ પર્સેન્ટાઈલ મેળવેલા હોવા જોઈએ.
- અરજદારની વાલીની વાર્ષિક આવક રૂ. ૬.૦૦ લાખથી ઓછી હોવી જોઈએ.
- જે વિદ્યાર્થીઓએ દેશ અથવા વિદેશમાં અભ્યાસ માટે એજ્યુકેશન લોન તારીખ ૦૪.૦૭.૨૦૧૭ પછી શિડ્યુલ્ડ બેંકમાંથી લીધેલ હોય તેમને જ આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.
- અરજદારે ગુજરાત અથવા કેન્દ્ર સરકારના હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડની ધોરણ ૧૨ની પરીક્ષા પસાર કરીને વિદેશની માન્ય યુનિવર્સીટીમાં પ્રવેશ લીધેલ હોવો જોઈએ.
- એજ્યુકેશન લોનની વ્યાજ સબસિડી યોજના માત્ર એક જ વખત મળવાપાત્ર રહેશે, જેણે રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકારની અન્ય એજ્યુકેશન લોન યોજનાઓનો લાભ લીધો ન હોય તેવા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને જ આ યોજના માટે લાયક ગણવામાં આવશે.
- આ યોજના અભ્યાસક્રમો(ગ્રેજ્યુએટ/ પોસ્ટ ગ્રેજ્યુએટ/ ડીપ્લોમા) માટે સ્વીકાર્ય છે.
- આ યોજના અંતર્ગત વ્યાજ સબસીડી તે વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ થઈ શકેશે નહિ જેઓએ અભ્યાસક્રમની વચ્ચેથી અભ્યાસ છોડી દીધો હોય અથવા તો કોઈ સમસ્યા/શિસ્ત ના કારણે સંસ્થાઓમાંથી હાંકી કાઢવામાં આવેલ હોય.

૨.૪ **માન્ય અભ્યાસક્રમો**




સ્નાતક/ અનુસ્નાતક/ ડિપ્લોમા/ વ્યવસાયિક વગેરે ઉચ્ચ શિક્ષણ આપતા તમામ અભ્યાસક્રમો

૨.૫ **મોરેટોરિયમ પિરીયડ**




ગુજરાત સરકારની આ યોજના હેઠળ શૈક્ષણિક લોનની વ્યાજ સબસિડી નિર્ધારિત કરાયેલ મોરેટોરીયમ પિરીયડ(અભ્યાસક્રમના સમયગાળા અને એક વર્ષ વધુ)સુધી જ એજ્યુકેશન લોન પર વ્યાજ ચૂકવવાપાત્ર રહેશે. મોરેટોરીયમ પિરીયડ પૂરો થયા પછી બાકી રહેલ લોન રકમની વ્યાજની ચૂકવણી આ યોજના અંતર્ગત ગણવામાં આવશે નહિ.

૨.૬ **આવક મર્યાદા**





આ યોજનાનો લાભ આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓને લાગુ પડશે, જેઓના પરિવારના સભ્યોની વાર્ષિક કુલ આવક (તમામ સ્ત્રોતોમાંથી) રૂ.૬.૦૦ લાખ કે તેથી ઓછી હોય. આ અંગે તેઓએ ઇન્કમટેક્ષ રિટર્નની ઝેરોક્ષ આપવી અથવા તો સેલ્ફ ડીક્લેરેશન ફોર્મ આપવું ફરજીયાત રહેશે. તથા રાજ્ય સરકાર માન્ય હોય તેવું મામલતદાર/ટીડીઓનું સર્ટીફીકેટ પણ ફરજીયાત આપવાનું રહેશે.

२.७ **<u>માન્ય બેંકો</u>**




આ યોજના અંતર્ગત એજ્યુકેશન લોન શિડ્યુલ્ડ બેંક પાસેથી જ લીધેલ હોવી જોઈએ.

२.८ **<u>વ્યાજની વહેચણી</u>**



વ્યાજની ચુકવણી વિદ્યાર્થીના લોન એકાઉન્ટમાં જ કરવામાં આવશે, જે લોન એકાઉન્ટની વિગત વિદ્યાર્થી દ્વારા રજીસ્ટ્રેશન ફોર્મમાં આપવામાં આવેલ હશે.

## ૩. લાભાર્થી કોણ બની શકે?



- અરજદારે ધોરણ ૧૨ની પરીક્ષામાં ૬૦% કે તેથી વધુ પર્સેન્ટાઈલ પ્રાપ્ત કરેલ હોવા જોઈએ.
- અરજદારના વાલીની વાર્ષિક આવક રૂ. ૬.૦૦ લાખ કે તેથી ઓછી હોવી જોઈએ.
- અરજદારે ગુજરાત અથવા કેન્દ્ર સરકારના હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડની ધોરણ ૧૨ની પરીક્ષા પસાર કરીને ગુજરાત સરકાર માન્ય યુનીવર્સીટીની કોલેજના અભ્યાસક્રમોમાં અથવા તો વિદેશની માન્ય યુનિવર્સીટીમાં પ્રવેશ લીધો હોવો જોઈએ.
- અભ્યાસક્રમમાં પ્રવેશ લીધા પછી અભ્યાસ અર્થે લીધેલ વ્યક્તિગત એજ્યુકેશન લોન શિડ્યુલ્ડ બેંકમાંથી જ લીધેલી હોવી જોઈએ.

## ૪. પરદેશ જતાં વિદ્યાર્થીઓ માટેની વિશિષ્ટ સૂચનાઓ

- અરજદારે ધોરણ ૧૨માં ૬૦% કે તેથી વધુ પર્સેન્ટાઈલ મેળવેલા હોવા જોઈએ.
- અરજદારની વાલીની વાર્ષિક આવક રૂ.૬.૦૦ લાખ કે તેથી ઓછી હોવી જોઈએ. આવકનું સર્ટીફીકેટ માટે મામલતદાર/ટીડીઓનું સર્ટીફીકેટ ફરજીયાત આપવાનું રહેશે. ઇન્કમટેક્ષ રિટર્નની ઝેરોક્ષ આપવી અથવા સેલ્ફ ડિક્લેરેશન ફોર્મ આપવું ફરજીયાત રહેશે.
- જે વિદ્યાર્થીઓએ વિદેશ અભ્યાસ માટે એજ્યુકેશન લોન તારીખ ૦૪.૦૭.૨૦૧૭ પછી શિડ્યુલ્ડ બેંકમાંથી લીધેલી હોય તેમને જ આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.
- અરજદારે ગુજરાત અથવા કેન્દ્ર સરકારના હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડની ધોરણ ૧૨ની પરીક્ષા પસાર કરીને વિદેશની માન્ય યુનિવર્સીટીમાં પ્રવેશ લીધેલ હોવો જોઈએ અને કાયદેસરના વિઝા પ્રાપ્ત થયેલ હોવા જોઈએ.

## ૫. વેબસાઈટ

અરજદારો કેસીજીની વેબસાઈટ http://www.kcg.gujarat.gov.in ઉપર જઈ ઓનલાઈન એપ્લીકેશન ફોર્મ ભરી શકશે.

# ૬. અરજી કરવાની વિગતો

## ૬.૧ અરજી કરવાના નિયમો

### "મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના "અંતર્ગત વિદ્યાર્થીઓને એજ્યુકેશન લોન પર વ્યાજ સબસીડી પ્રાપ્ત કરવા આપવા અંગેના નિયમો:

શિક્ષણ વિભાગ, ઠરાવ ક્ર-પરચ-૧૦૧૭-૨૨૭૧૪૯-ખ, તા:- ૦૪.૦૭.૨૦૧૭

- અભ્યાસક્રમ અર્થે લોન ઠરાવની તારીખ ૦૪/૦૭/૨૦૧૭ પછી લીધેલ હોવી જોઇએ.
- ભારત સરકાર,ગુજરાત સરકાર કે સરકાર હસ્તકની અન્ય સંસ્થાઓ પાસેથી સ્કોલરશીપ, શૈક્ષણિક લોન પર વ્યાજ સબસીડી કે અન્ય કોઈપણ યોજનાનો લાભ લીધેલ ન હોવો જોઈએ.
- અરજદાર દ્વારા ૧૨માં ધોરણની પરીક્ષામાં ૬૦% કે તેથી વધુ પર્સેન્ટાઈલ પ્રાપ્ત કરેલ હોવા જોઈએ.
- વિદ્યાર્થીના વાલીની આવક રૂ. ૬.૦૦ લાખ કે તેથી ઓછી હોવી જોઈએ.
- ગુજરાત રાજ્યના માન્ય બોર્ડ અથવા માન્ય કેન્દ્રીય બોર્ડની ૧૨માં ધોરણની પરીક્ષા પસાર કરીને દેશ અને વિદેશની માન્ય યુનિવર્સીટીની કોલેજના અભ્યાસક્રમોમાં પ્રવેશ લીધો હોવો જોઈએ.
- અભ્યાસક્રમમાં પ્રવેશ લીધા પછી અભ્યાસ અર્થે વ્યક્તિગત ૧૦ લાખ સુધીની લોન શિડ્યુલ બેંક માંથી લીધેલી હોવી જોઈએ.
- આ યોજના હેઠળ વિદ્યાર્થીએ અભ્યાસ માટે લીધેલી ૧૦ લાખ સુધીની લોન પરનું માત્ર વ્યાજ ૧૦૦% સુધી વિદ્યાર્થીના લોન એકાઉન્ટમાં જ જમા કરવામાં આવશે અને બેંકો દ્વારા વ્યાજની ગણતરી આર.બી.આઈ.ની ગાઈડલાઈન પ્રમાણે કરવાની રેહેશે.બેંકોને કોઇપણ ચક્રવૃદ્ધિ વ્યાજ કે કોઈપણ પરચુરણ ચાર્જ કે અન્ય ફી,પેનલ્ટી લેવામાં આવી હશે તો તે ચુકવવામાં આવશે નહીં.
- આ યોજનામાં લોન આપવાની કોઈ વ્યવસ્થા નથી, તેથી લોનની માંગણી કરવી નહીં.
- અરજદારે કેસીજીની વેબસાઈટ પર મુકવામાં આવેલ અરજીપત્રક ઓનલાઈન ભરીને એકનોલેજમેન્ટ રીસીપ્ટની પ્રિન્ટ લઈ એકનોલેજમેન્ટ રીસીપ્ટ અને જરૂરી દસ્તાવેજો શિડયુલ બેંકમાં જમા કરવાના રહેશે. ત્યારબાદ શિડયુલ બેંક દ્વારા અરજી જરૂરી એન્ડોર્સમેન્ટ, બેંક લોન અને વ્યાજની વિગતો ભરીને કેસીજી કચેરીએ મોકલવાનું રહેશે. ઓફલાઇન કરેલ અરજી સ્વીકારવામાં આવશે નહી.
- અરજદારને દસ્તાવેજોની ચકાસણી માટે જયારે પણ રૂબરૂ બોલાવામાં આવે ત્યારે ઉપસ્થિત રહેવું આવશ્યક છે.
- જો વિધાર્થી વિદેશમાં અભ્યાસ કરતો હોય તો વિધાર્થીએ બેંકમાં અરજી કરતી વખતે તેના વતી વિવિધ દસ્તાવેજોમાં સહી કરવામાં તેના માતા/પિતા પૈકી જે ને પણ ઓથોરીટી આપી હોય તેની પાવર ઓફ એટર્ની માન્ય ગણવામાં આવશે અને વિદ્યાર્થી વતિ માતા અથવા પિતા જ સહી કરી શકશે કે રજૂઆત કરી શકાશે અન્ય કોઈને ઓથોરીટી આપી હશે તો માન્ય ગણવામાં આવશે નહીં.
- આવકના પ્રમાણપત્રમાં મામલતદાર/ટી.ડી.ઓ.નું પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે. આ ઉપરાંત વિદ્યાર્થીએ તેના વાલી ઇન્કમટેક્ષનું રીટર્ન ભરતા હોય તો ઇન્કમટેક્ષના રીટર્નની નકલ અથવા ઇન્કમટેક્ષને પાત્ર આવક ન હોવાનું સેલ્ફ ડિક્લેરેશન ફોર્મ રજુ કરવાનું રહેશે.

- ભારત સરકાર,ગુજરાત સરકાર કે સરકાર હસ્તકની અન્ય સંસ્થાઓ પાસેથી સ્કોલરશીપ , શૈક્ષણિક લોન પર વ્યાજ સબસીડી કે અન્ય કોઈપણ યોજનાનો લાભ લીધેલ નથી તે અંગેનું સેલ્ફ ડિક્લેરેશન ફોર્મ રજુ કરવાનું રહેશે.
- મોરેટોરીયમ પીરીયડ અનુસાર વ્યાજ માફી અભ્યાસક્રમ પૂરો થયા પછી પણ વધુ એક વર્ષ સુધી ચાલુ રહેશે.
- વિદ્યાર્થી જો નાપાસ થાય અને /અથવા અભ્યાસ છોડી દેશે ,અથવા બેંક જાતે જ જો લોન રદ કરે તો વ્યાજ સબસીડી બંધ કરવામાં આવશે.
- કોઈ સંજોગોમાં લોન ભરપાઈ થઇ જશે તો પણ આપોઆપ વ્યાજ સબસીડી બંધ કરવામાં આવશે.

**ઉમેદવારને અરજીપત્રક ભરવામાં કે અન્ય કોઇ તકલીફ પડે તો હેલ્પ લાઈન નંબર ૯૯૦૯૦૩૯૩૮૦ અને Email ID:-isel.kcg@gmail.com પર સવારે ૧૦:30 થી સાંજે ૬:00 સુધી સંપર્ક કરી શકશે.**(જાહેર રજા ના દિવસે ઓફીસ બંધ રહેશે)

**ઉપર મુજબના નિયમોમાં કોઈ બાંધછોડ કરવામાં આવશે નહીં.**

## ૬.૨ અરજી કરવાની પ્રક્રિયા

### અરજી કરવાની પ્રક્રિયા :

**નીચેની સમગ્ર પ્રક્રિયા પૂર્ણ થાય ત્યારે જ અરજી માન્ય થશે જે ધ્યાનમાં રાખવું**

સ્ટેપ ૧:- અરજદારે https://kcg.gujarat.gov.in ના હોમપેજ પર આપેલ એજ્યુકેશન લોન પર વ્યાજ માફી યોજનાની લિંક પર આપેલ અરજી કરવાની પ્રક્રિયા મુજબ ઓનલાઇન અરજી કરવાની રહેશે.

સ્ટેપ ૨:- અરજીપત્રકની સંપૂર્ણ વિગતો ભર્યા બાદ અરજીપત્ર સબમીટ કરી એકનોલેજમેન્ટ રીસીપ્ટની પ્રિન્ટ કાઢવાની રહેશે.

સ્ટેપ ૩: -અરજદારે એકનોલેજમેન્ટ રીસીપ્ટની પ્રિન્ટ લઈ એકનોલેજમેન્ટ રીસીપ્ટ અને ચેકલીસ્ટ પ્રમાણેના બધાં દસ્તાવેજો કેસીજીમાં રૂબરૂ અથવા કુરિયર દ્વારા મોકવાના રહેશે.(બધાં દસ્તાવેજો સેલ્ફ અટેસ્ટેડ હોવા જોઈએ)

ઉમેદવારને અરજીપત્રક ભરવામાં કે અન્ય કોઇ તકલીફ પડે તો હેલ્પ લાઈન નંબર ૯૯૦૯૦૩૯૩૮૦ અને Email ID:-isel.kcg@gmail.com પર સવારે ૧૦:30 થી સાંજે ૬:00 સુધી સંપર્ક કરી શકશે.(જાહેર રજા ના દિવસે ઓફીસ બંધ રહેશે)

## ૬.૩ <u>એપ્લીકેશન ફોર્મ નો નમુનો</u>

# INTEREST SUBSIDY SCHEME ON EDUCATION LOAN

**KNOWLEDGE CONSORTIUM OF GUJARAT**
**DEPARTMENT OF EDUCATION, GUJARAT STATE**

**APPLICATION FORM**

1. **Name of Applicant:** (In Capital Letters)

   (Surname):_____________________________________________

   (Name):_______________________________________________

   (Father's Name):_________________________________________

2. **Permanent Address :**

   ______________________________________________________________________________
   ______________________________________________________________________________
   ______________________________________________________________________________
   _______________

   **Dist.:**________________________ **Ta:**__________________________
   **Pin:**_____________________

3. **Contact Details: (M)** (1)__________________________ (2)_________________________
   **(R)**____________________________
4. **Personal E-mail:**_______________________________________
5. **Aadhaar No:**__________________________________________
6. **Category (General / SC / ST / SEBC/OTHER):**________
7. **Gender (Male/Female):**______
8. **Birth Date:**________________
9. **HSC Passing Information:**

| School Name | Address of School | Board | Seat No | Percentile Result |
|---|---|---|---|---|
| | | | | |

**10. University/College Information :** (Admission year _________)
(for UG/PG student)

| University/College Name | Address of University/College | Course | Duration of Course | University Enrollment Number | Yearly Tuition Fee (in Rs.) |
|---|---|---|---|---|---|
| | | | | | |

**11. Details of Income:**

(a) Father's/Guardian's total Annual Income:_______________________________

**12. Candidate's Loan Account Information:**

(a) Name of Bank: ______________________________________________
(b) Loan Account No: ___________________________________________

**13. Candidate's Saving Bank Account Information:**

(a) Name of Bank: _______________________________________________________
(b) Branch:______________________________________________________________
(c) Branch Code: _________________________________________________________
(d) Saving Account No: ___________________________________________________
(e) IFSC RTGS Code: ______________________________________________________

**14. Hostel Information:**

(a) Are you staying in Hostel in 2016-17?
Yes/No

(b) If Yes:
Govt. Hostel / Private Hostel

(c) Hostel Name & Address:
________________________________________________________________________
________________________________________________________________________
________________________________________________________________________

**15. Have you received any scholarship or Loan interest subsidy?** Yes /No

If yes, give detail:

(a) Name of Scheme: ______________________________________________________________________________
______________________________________________________________________________

(b) Amount of Scholarship: ____________________________________________________

(c) Amount of Interest if any: _________________________________________________

**16. Details of Education Loan:**

(A) Loan amount up to 10 Lakhs :

(a) Name of The Bank: ________________________________________________

(b) Branch Name & code : ______________________________________________

(c) IFSC Code: _____________________________________________________

(d) Date:________________

(e) Period: From __________________ To __________________

| Approved Amount for Education Loan | Percentage of Interest | Amount of Interest (Per Year) |
|---|---|---|
| | | |

**<u>OR</u>**

(B) Loan amount more than 10 Lakhs :

(f) Name of The Bank: ________________________________________________

(g) Branch Name & code : ______________________________________________

(h) IFSC Code: _____________________________________________________

(i) Date:____________

(j) Period: From __________________ To __________________

| Approved Amount for Education Loan | Percentage of Interest | Amount of Interest (Per Year) |
|---|---|---|
| Up to 10, 00,000 Rs. | | |
| 10,00,001 to________________Rs. | | |

**17. Undertaking :**

I hereby declare that all the particulars provided by me in the application is true and correct to the best of my knowledge. In the event of suppression or distortion of any information provided by me, I understand that my application for availing assistance is liable for cancellation. I accept and understand all the rules and regulations of this 'Interest Subsidy Scheme on Education Loan' and it is abide to me and my family. I also give permission for use of my Aadhaar no. details for authentication, DBT purpose etc.

I further certify that all documents submitted by us are true and found correct in aspect of the loan subsidy scheme of government of Gujarat.

__________________________ (Name and Sign of Parent/Guardian)

________________________ (Name and Sign of Student)

**Date:** _______________

**Place:** _______________

## ૬.૪ જોડવામાટેના દસ્તાવેજો

| CHECKLIST | | |
|---|---|---|
| ચકાસવાની થતી વિગતની યાદી | | |
| **No** | **Details** | **Page No** |
| 1) | Duly Signed Application Form affixed with passport size photograph<br>અરજીપત્રક વિદ્યાર્થીની સહી તથા પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ્સ સાથે | |
| ૨) | Copy of Class 12th Marksheet or In case of Diploma on the base of 10th<br>૧૨ માં ધોરણની માર્કશિટની કોપી અથવા ધોરણ ૧૦ના પરિણામ પરથી જો ડીપ્લોમાંમાં પ્રવેશ લીધેલ હોય તો ડીપ્લોમાની માર્કશીટની કોપી | |
| 3) | Income proof of the applicant's family<br>એપ્લીકન્ટના વાલીના આવકના પુરાવા | |
| | A) Copy of Income Tax Return or Self Declaration Certificate for Non IT Return(If not filling return)(self declaration in kcg format)<br>ઇનકમ ટેક્ષ રિટર્ન ભર્યાની નકલ અથવા કરપાત્ર આવક ન હોવા અંગેનું સેલ્ફ ડીકલેરેશન ફોર્મ (જો ઇનકમ ટેક્ષ રિટર્ન ભરતા ના હોય તો)(સેલ્ફ ડિક્લેરેશન કેસીજીના નમુના પ્રમાણે) | |
| | B) Copy of Certified Financial Statements or Provisional Financial Statements Duly Certified by Magistrate (Mamlatdar) or TDO<br>મામલતદાર કે ટી.ડી.ઓ દ્વારા પ્રમાણીત આવકના પ્રમાણપત્રની નકલ | |
| 4) | Copy of Aadhar Card<br>આધાર કાર્ડની નકલ | |
| 5) | Residence proof of the applicant (Passport /Driving license / Bank statement/ Ration card/ Telephone/ Electricity/ Voters ID card – Any one out of this)<br>વિદ્યાર્થી દ્વારા રેહઠાણના પુરાવાની નકલ (પાસપોર્ટ/ ડ્રાઈવિંગ લાઈસન્સ/બેંક સ્ટેસમેન્ટ/રેશનકાર્ડ/ટેલીફોન બિલ/લાઈટ બિલ/વોટર આઈડી-આ માંથી કોઈ પણ એક) | |
| 6) | List of Bank Documents<br>બેંક દસ્તાવેજની યાદી | |
| | A) Copy of Loan Application Form<br>બેંકમાં કરેલ એજ્યુકેશન લોન એપ્લીકેશનની કોપી | |
| | B) Copy of Loan Agreement<br>બેંક જોડે કરેલ એજયુકેશન લોન અગ્રીમેન્ટની કોપી | |
| | C) Sanction letter Authorized by Bank (In KCG Format)<br>લોન પાસ થયાનું પ્રમાણપત્ર બેંક દ્વારા સહી સિક્કા કરેલ( કેસીજીના નમુના પ્રમાણે) | |
| | D) Disbursement Letter Authorized by Bank (In KCG Format)<br>લોન ઉપાડ કર્યાનું પ્રમાણપત્ર બેંક દ્વારા સહી સિક્કા કરેલ(કેસીજીના નમુના પ્રમાણે) | |
| | E) Interest calculating sheet (In KCG Format)<br>ઈન્ટરેસ્ટ કેલ્કયુલેસનની શીટ(કેસીજીના નમુના પ્રમાણે) | |
| | F) Copy of first page of Bank passbook (From Which Loan has taken)<br>બેંકના પાસબુકના પ્રથમ પેજની નકલ (જે બેંકમાંથી લોન લીધેલ હોય તે બેંકની) | |
| | G) Cancelled Check (From Which Loan has taken)<br>કેન્સલ ચેક(જે બેંકમાંથી લોન લીધેલ હોય તે બેંકનો) | |
| 7) | Copy of Below mentioned Documents (for those who are going abroad for study)<br>નીચે જણાવેલા ડોક્યુમેન્ટની નકલ (વિદેશ અભ્યાસ માટે જતા વિદ્યાર્થીઓ માટે જ) | |
| | A) Copy of Passport<br>પાસપોર્ટની નકલ | |
| | B) Copy of Visa/ Visa Passed Letter<br>વીઝા/વીઝા લેટરની નકલ | |
| 8) | Copy of College/University Documents<br>કોલેજ/યુનિવર્સીટીના ડોક્યુમેન્ટ જોડેલ છે કે નહી | |
| | A) Admission letter from the university/institute(The letter must be on their letter head)<br>એડમિશન લેટરની નકલ (લેટર તેના લેટરહેડ પર હોવું જોઇએ) | |
| | B) copy of Fee receipt of the institute/university<br>યુનિવર્સીટીમાં ફી ભર્યાની રીસીપ્ટની નકલ | |
| 9) | Self-Declaration certificate for no other scheme benefits taken by candidate (In KCG Format) અન્ય કોઈ યોજનાનો લાભ લીધેલ નથી તે અંગેનું સેલ્ફ ડીકલેરેસન સર્ટીફીકેટ(કેસીજીના નમુના પ્રમાણે) | |
| **Note:- All submitted documents must be self-attested and in prescribed Format only**<br>**તમામ આપેલ ડોક્યુમેન્ટસ સેલ્ફ અટેચડ અને ઉપરમુજબના ક્રમમાં જ હોવા જોઈએ.** | | |

## **૬.૫ સેન્ક્સન લેટર** - (Bank Use Only)

### સેન્ક્શન લેટર

તારીખ: _________

પ્રતિ,

___________________
___________________
___________________
___________________

શ્રી,

**વિષય**: રૂ.__________ માટે તારીખ.________શિક્ષણ લોનની અરજી મંજૂર કરવા બાબત.

અમો શિક્ષણ લોન અરજીના સંદર્ભમાં શ્રી/શ્રીમતી/કુમારી ____________________ ને જાણ કરીએ છીએ કે ,અમે રૂ.__________ માટે તારીખ.________શિક્ષણ લોનની અરજી મંજૂર કરેલ છે.

પ્રમાણપત્ર અરજદારની વિનંતી પર આપવામાં આવ્યું છે.

(ફોરવર્ડિંગ અધિકારીની હસ્તાક્ષર)

નામ:

હોદ્દો:

સંપર્ક નં:

સ્થાન:

(બેન્ક સીલ)

- આ ફોર્મ દ્વારા બેંક ખાતરી આપે છે કે વિદ્યાર્થીની લોન સેન્ક્સન થયેલ છે. ખાતા માટેની ઉપરોક્ત ફોર્મમાં લખેલ દરેક વિગતો સાચી છે અને વિદ્યાર્થી વધુ કાર્યવાહી માટે પાત્ર છે.

## ૬.૬ ડીસ્બર્સમેન્ટ લેટર - (Bank Use Only)

સંદર્ભ ક્રમાંક. તારીખ: __/___ /______

## વિતરણ પત્ર

પ્રતિ,

______________

______________

______________

શ્રીમાન/કુમારી/શ્રીમતિ ,

અમે તમને જણાવવા માટે ઉત્સુક છીએ કે અમે શ્રી/કુમારી /શ્રીમતિ ______________________________લોન ખાતા નંબર ___________ ને ___________માટે ઉચ્ચ અભ્યાસ માટે તા.__________ના રોજ સુધી કુલ રૂ.__________ લોન આપેલ છે.

નીચે આપેલ શિક્ષણ લોન:

પ્રથમ હપતા: રૂ.___________ તા.___________

બીજી હપતા: રૂ.____________ તા.___________

ત્રીજી હપતા: રૂ.____________ તા.___________

(વધુ ૩ હપતામાં ચૂકવણી હોય તો કૃપા કરીને વધુ પંક્તિ ઉમેરો)

આભાર અને સાદર,

(ફોરવર્ડિંગ અધિકારીના હસ્તાક્ષર)

નામ:

હોદ્દો:

સંપર્ક નં.

સ્થાન:

(બેન્ક સીલ)

- આ ફોર્મ દ્વારા બેંક ખાતરી આપે છે કે વિદ્યાર્થીની લોન રકમમાંથી કઈ તારીખે કેટલા રકમ નો ઉપાડ કરેલ છે તથા કુલ કેટલી રકમનો વિદ્યાર્થીએ ઉપાડ કરેલ છે.

# ૬.૭ ઇન્ટરેસ્ટ કેલ્ક્યુલેશન શીટ

| | |
|---|---|
| Name of Applicant: | |
| Registration ID : | |

Interest Calculation માટે ઉદાહરણ આપેલ છે. એ મુજબ Interest calculate કરીને વિગત ભરવી.

ધારોકે 'A' નામની વ્યકતિને 'XYZ' બેંક દ્વારા તા. : ૧૦/૦૭/૨૦૧૭ના રોજ રૂ.૧૫,૦૦,૦૦૦ની શૈક્ષણિક લોન મંજુર કરવામાં આવી છે. જેના પર RBIની ગાઈડલાઈન મુજબ વ્યાજનો દર વાર્ષિક ૮.૫૦% છે. જો આ વ્યક્તિ દ્વારા બેંકમાંથી અનુક્રમે તા. : ૧૮/૧૨/૨૦૧૭ના રોજ રૂ.૫,૦૦,૦૦૦ તથા તા. : ૧૨/૧૨/૨૦૧૮ના રોજ રૂ. ૪,૦૦,૦૦૦ તથા તા.:૧૫/૧૨/૨૦૧૯ના રોજ રૂ.૬,૦૦,૦૦૦નો ઉપાડ કરવામાં આવે તો તેના પર સાદા વ્યાજની ગણતરી નીચે મુજબના પત્રક પ્રમાણે કરવામાં આવશે.

**Interest Calculating Sheet**

| Sr. No | Date of Disbursment | Period(01st April or from disbursment date to 31st march) | Period in days | Disbursment Amount | total Disbursment Amount | Amount on which interest to be calculated (Maximum 10,00,000) | Rate of simple Interest | Amount of Simple Interest | Other Charges | | | | Total amount of interest (as per passbook) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | Tax | Processing charge | Penalty | Any other | |
| 1 | 18/12/2017 | 18/12/2017-31/03/2018 | 103 days | 5,00,000 | 5,00,000 | 5,00,000 | 8.50% | 11,993 | 500 | 500 | 0 | 0 | 12,993 |
| 2 | | 1/4/2018 to 11/12/2018 | 255 days | 0 | 5,00,000 | 5,00,000 | 8.50% | 29,692 | 800 | 0 | 0 | 0 | 30,492 |
| 3 | 12/12/2018 | 12/12/2018-31/03/2019 | 110 days | 4,00,000 | 9,00,000 | 9,00,000 | 8.50% | 23,055 | 500 | 0 | | | 23,555 |
| 4 | | 1/4/2019 to 14/12/2019 | 258 days | 0 | 9,00,000 | 9,00,000 | 8.50% | 54,074 | 500 | 0 | 0 | 0 | 54,574 |
| | 15/12/2019 | 15/12/2019-31/03/2020 | 107 days | 6,00,000 | 15,00,000 | 10,00,000 | 8.50% | 24,918 | 500 | 0 | 1,000 | 0 | 25,418 |
| 5 | | 1/4/2020 to 31/03/2021 | 365 days | 0 | 15,00,000 | 10,00,000 | 8.50% | 85,000 | 500 | 0 | 0 | 1,500 | 86,500 |

બેંક દ્વારા ઉક્ત પત્રક મુજબ વ્યાજની ગણતરી કરી ને બેંકના સહી સિક્કા સાથે પ્રમાણીત કરી આપવાનું રહેશે.

## ૬.૮ આવકવેરાને પાત્ર આવક ન થતા હોવા અંગેનું સેલ્ફ ડિક્લેરેશન

### આવકવેરાને પાત્ર આવક ન થતા હોવા અંગેનું સેલ્ફ ડિક્લેરેશન

તા.____________

હું_______________________________________________ ઉમર વર્ષ_____________ રહેવાસી________________________________________________________મારા ધર્મના સોગંદ લઇ પ્રતિજ્ઞાપૂર્વક સોગંદનામું કરું છું કે મારા પુત્ર/પુત્રીશ્રી/કુ.______________________ __________________એ ગુજરાત સરકારશ્રી દ્વારા જાહેર થયેલ એજ્યુકેશન લોન પર વ્યાજ સબસીડી યોજના અન્વયે વ્યાજ સબસીડીની લોન મેળવવા માટે અરજી કરેલ છે.

મારી કે મારા પતિ/પત્નીની નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ની વાર્ષિક આવક આવકવેરાના હેતુ માટે કરપાત્ર થતી ન હોવાથી અમોએ નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭નું આવકવેરાનું રીટર્ન ભરેલ નથી જેની અમો બાહેંધરી આપીએ છીએ. મને, મારા પતિ/પત્ની તથા મારા પુત્ર/પુત્રીને એ જાણ છે કે જો ખોટું સેલ્ફ ડિક્લેરેશન, ખોટી વિગતો,ખોટું આવકનું પ્રમાણપત્ર મેળવીને કે અન્ય કોઈ રીતે ખોટી વિગતો રજુ કરીને કે છેતરપીંડીથી વ્યાજ સબસીડી યોજના અંતર્ગત સહાય મેળવેલ છે તેવું પ્રસ્થાપિત થશે તો મેળવેલ સહાયની વ્યાજની તમામ રકમ ૧૮% ના દંડનીય વ્યાજ સહીત પરત જમા કરાવવાની રહેશે તથા આ બાબતની કાયદેસરની કાર્યવાહી માટે પગલા લેવામાં આવશે.

વિદ્યાર્થીની સહી                                        વાલીની સહી

## ૬.૯ અન્ય શૈક્ષણિક લોન પર વ્યાજ સબસીડી કે અન્ય યોજનાનો લાભ લીધેલ નથી તેનું સેલ્ફ ડીક્લેરેશન

ભારત સરકાર, ગુજરાત સરકાર કે સરકાર હસ્તકની અન્ય સંસ્થાઓ પાસેથી સ્કોલરશીપ, શૈક્ષણિક લોન પર વ્યાજ સબસીડી કે અન્ય કોઈપણ યોજનાનો લાભ લીધેલ નથી તે અંગેનું સેલ્ફ ડિક્લેરેશન

તા.____________

હું_____________________________________________ ઉમર વર્ષ____________ રહેવાસી_____________________________________________________મારા ધર્મના સોગંદ લઇ પ્રતિજ્ઞાપૂર્વક સોગંદનામું કરું છું કે મારા પુત્ર/પુત્રીશ્રી/કુ._________________ _______________એ ગજરાત સરકારની વ્યાજ સબસીડી યોજના અંતર્ગર્ત એજ્યુકેશન લોન પર વ્યાજ સબસીડીનો લાભ મેળવવા માટે અરજી કરેલ છે.

હું/મારા પુત્ર/મારી પુત્રી આ પેહલાં કોઈ પણ ભારત સરકાર,ગુજરાત સરકાર કે સરકાર હસ્તકની અન્ય સંસ્થાઓ પાસેથી સ્કોલરશીપ, શૈક્ષણિક લોન પર વ્યાજ સબસીડી કે અન્ય કોઈપણ યોજનાનો લાભ લીધેલ નથી જેની અમો આ સાથે બાહેંધરી આપીએ છીએ. મને, મારા પતિ/પત્ની તથા મારા પુત્ર/પુત્રીને એ જાણ છે કે જો ખોટું સેલ્ફ ડિક્લેરેશન, ખોટી વિગતો, ખોટું આવકનું પ્રમાણપત્ર મેળવીને કે અન્ય કોઈ રીતે ખોટી વિગતો રજુ કરીને કે છેતરપીંડીથી મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત એજ્યુકેશન લોન પર વ્યાજ સબસીડીની સહાય મેળવેલ છે તેવું પ્રસ્થાપિત થશે તો મેળવેલ સહાયની તમામ રકમ ૧૮% ના દંડનીય વ્યાજ સહીત પરત જમા કરાવવાની રહેશે તથા આ બાબતની કાયદેસરની કાર્યવાહી માટે પગલા લેવામાં આવશે.

વિદ્યાર્થીની સહી　　　　　　　　　　　　　　　　વાલીની સહી

## ૭. સમાપન

વધુ પ્રમાણમાં લોકો સારા અભ્યાસક્રમો તરફ વળી શકશે તથા ભારતના માનનીય વડાપ્રધાનશ્રીની વિવિધ યોજનાઓ કાર્યાન્વીત કરવા માટે આગામી વર્ષોમાં જયારે સમગ્ર વિશ્વની ૨૫% યુવાન વસ્તી ભારતમાં હશે ત્યારે દેશના આર્થિક વિકાસ માટે જે માનવ શક્તિની જરૂર પડશે તે આવી યોજનાથી સિદ્ધ થશે તેવી આશા રાખી શકાય.

આ યોજનાથી લાભાર્થીઓને ઉચ્ચ શિક્ષણનો અભ્યાસ પૂરો કરવા માટે આર્થિક સહાય મળે અને તેઓ સારું શિક્ષણ પ્રાપ્ત કરવા તરફ આગળ વધવાના સપનાને સાકાર કરી શકે તેમજ તેમની કારકિર્દી પ્રગતિના પંથે આગળ વધી શકે તેવી અભ્યર્થના સાથે એજ્યુકેશન લોન પર વ્યાજ સબસીડી યોજના અમલમાં મુકવામાં આવી છે.

